**Baroda BNP PARIBAS MUTUAL FUND**

Together for more

# દરેક સપનાં માટે શરૂ કરીએ એક નાની એસઆઈપી*



**બરોડા બીએનપી પરિબાસ મ્યુચ્યુઅલ ફંડ** દ્વારા
રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ

*સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન.

## ભવિષ્ય પરિપૂર્ણ બનાવવા માટે નાનાં પગલાં લો

આપણી ભાવિ બાબતો આપણા ભૂતકાળના નિર્ણયો પર આધાર રાખે છે. આપણે જીવનમાં સપનાંઓનું પીછો કરીએ છીએ, અમુક સાથે બાંધછોડ કરીએ છીએ, અમુક છોડી દઈએ છીએ અને જૂજ સાકાર કરી શકીએ છીએ. જોકે આપણે હાલમાં જે રોકાણ નિર્ણયો લઈશું તે આપણને આશાસ્પદ ભાવિ ઘડવામાં અને આપણાં સપનાં સાકાર કરવામાં મદદ કરી શકે છે. મજબૂત રોકાણનો મૂળભૂત સિદ્ધાંત ઉત્તમ યોજના ચૂંટવામાં રહેલો નથી, પરંતુ નિયમિત રોકાણ કરવામાં રહેલો છે. સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) આશાસ્પદ ભવિષ્ય નિર્માણ કરવા માટે આવો જ એક માર્ગ માનવામાં આવી શકે છે.

## લાક્ષણિક ખર્ચ જીવન ચક્ર




શબ્દ 'વધુ'નો અર્થ વધુ વળતરો અથવા યોજનાની કામગીરીની બાંયધરી એવો થતો નથી. તે બરોડા એએમસી અને બીએનપી પરિબાસ એએમસીની વ્યક્તિગત રીતે તુલના તરીકે સંયુક્ત સાહસ દ્વારા અપાતા વધારાના મૂલ્યનો સંદર્ભ છે.

## રોકાણ શરૂ કરો

**વહેલી શરૂઆત કરો અને તમારાં રોકાણોને તમારે માટે કામ કરવા દો**

**સમયાંતરે તમારાં રોકાણોને સરેરાશ કરો**

**મોટું વિચારો, નાનું રોકાણ કરો, નિયમિત રોકાણ કરો**

**બજારની અસ્થિરતાથી દૂર ભાગશો નહીં, તમારા રોકાણની સંભાળ તમારા નિષ્ણાતોને લેવા દો.**

# એસઆઈપીના ફાયદા

## શિસ્તબદ્ધ અભિગમ

માસિક હપ્તા જેવો તમારાં નાણાંનો નાનો હિસ્સો ફાળવો. એસઆઈપી સાથે તમે પસંદ કરેલી યોજનામાં દરેક મહિને રોકાણ કરવાની તમારી પસંદગીની રકમ રોકાણ કરી શકો છો. આમ, તમે બજારની વધઘટ સાથે લાભ મેળવવાનું લક્ષ્ય રાખી શકો છો.

## જોખમ અને અસ્થિરતા વ્યવસ્થાપન

શેરબજાર પ્રકારમાં અસ્થિર હોય છે, જેને લીધે તેની વધઘટ ભાંખવાનું મુશ્કેલ છે. રોકાણકારોએ તેમનાં નાણાકીય લક્ષ્યો પર કેન્દ્રિત રહેવું જોઈએ અને બજારની અસ્થિરતાનું વ્યવસ્થાપન કરવાનું કામ એસઆઈપી થકી નિયમિત રોકાણ કરીને વ્યાવસાયિક ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પર છોડી દેવું જોઈએ.

## રૂપી કોસ્ટ એવરેજિંગ

બજારનું અનુમાન લગાવવું સમય માગી લેનારું અને જોખમી હોય છે. વધુ સફળ રોકાણ વ્યૂહરચના રૂપી કોસ્ટ એવરેજિંગ નામે પદ્ધતિ અપનાવવામાં છે. શેરબજાર નીચે આવે ત્યારે તમને વધુ યુનિટ્સની ફાળવણીનો લાભ મળે છે અને બજારમાં ઉછાળો આવે ત્યારે રોકાણો સરેરાશ કરવાનો લાભ મળે છે.

## ચક્રવૃદ્ધિની શક્તિ

એસઆઈપી ચક્રવૃદ્ધિના મૂળભૂત સિદ્ધાંત પર કામ કરે છે. તમે જેટલું વહેલું રોકાણ શરૂ કરો તેટલું તમારાં રોકાણોને ચક્રવૃદ્ધિ થકી વૃદ્ધિ કરવા માટે વધુ સમય મળે છે. આનો અર્થ તમારાં વળતરો પણ વળતરો ઊપજાવે છે. એસઆઈપી થકી લાંબે ગાળે રોકાણનું લક્ષ્ય તમારાં રોકાણોનું મૂલ્ય વધારવાનું છે. તે બજારનું અનુમાન લદાવવાની ચિંતાઓ અને ટૂંકા ગાળાની અસ્થિરતાને સરેરાશ કરવામાં મદદ કરે છે.

**ચક્રવૃદ્ધિની શક્તિ સમજવા માટે નિમ્નલિખિત કોષ્ટક જુઓ. કોષ્ટક વિવિધ રોકાણ રકમની માસિક એસઆઈપીનું રોકાણ આલેખિત કરે છે.**

| એસઆઈપીની રકમ | 5 વર્ષ | 10 વર્ષ | 15 વર્ષ | 20 વર્ષ | 25 વર્ષ |
|---|---|---|---|---|---|
| 5000 | 4.2 Lacs | 12.3 Lacs | 27.6 Lacs | 56.7 Lacs | 1.1 Crs |
| 10000 | 8.5 Lacs | 24.6 Lacs | 55.2 Lacs | 1.1 Crs | 2.2 Crs |
| 15000 | 12.7 Lacs | 36.8 Lacs | 82.8 Lacs | 1.7 Crs | 3.4 Crs |
| 20000 | 16.9 Lacs | 49.1 Lacs | 1.1 Crs | 2.3 Crs | 4.5 Crs |
| 25000 | 21.2 Lacs | 61.4 Lacs | 1.4 Crs | 2.8 Crs | 5.6 Crs |

**સ્રોતઃ આંતરિક. વૃદ્ધિ દર 12.93%એ ધ્યાનમાં લેવાયો છે જેનો અર્થ 01/06/13 અને30/05/23 વચ્ચે 10 વર્ષનાં રોલિંગ વળતરો.**

**એએમએફઆઈ ઉત્તમ વ્યવહારોની માર્ગદર્શકાઓના પરિપત્રક નં.109/2023-24 અનુસાર.**

**ગત કામગીરી ભવિષ્યમાં જળવાઈ રહે કે નહીં પણ રહે અને કોઈ પણ ભાવિ વળતરોની બાંયધરી નથી.**

વધુ માહિતી અને વધુ જાણકારી માટે તમારા ફાઈનાન્શિયલ એડવાઈઝર /મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રિબ્યુટરને આજે જ કોલ કરો !

એસઆઈપી નફો અથવા ઘટતી બજારમાં નુકસાન સામે ખાતરીદાયક રક્ષણની કોઈ ખાતરી આપતી નથી. ફંડ /એએમસી કોઈ પણ વળતરોની બાંયધરી કે વચન કે વરતારો આપતી નથી. બરોડા બીએનપી પરિબાસ મ્યુચ્યુઅલ ફંડ દ્વારા રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ. કૃપા કરી વન ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવા, સરનામું ફેરબદલી, બેન્ક મેન્ડેટ ફેરબજલી, સેબી પોર્ટલ પર ફરિયાદ નોંધાવવા વગેરે માટે આવશ્યક દસ્તાવેજીકરણ /પ્રક્રિયા પર વિગતો માટે વિઝિટ કરો https://www.barodabnpparibasmf.in/investor-centre/information-on-kyc. કૃપા કરી નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરો, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in) પર 'ઈન્ટરમિજિયરીઝ /માર્કેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્સ્ટિટ્યુશન્સ'' હેઠળ વેરિફાઈ કરી શકાશે. કર જવાબદારીના વ્યક્તિગત પ્રકાર માટે રોકાણકારોને રોકાણ કરવા પૂર્વે તેમના કર સલાહકારની સલાહ લેવાનો અનુરોધ છે. બરોડા બીએનપી પરિબાસ મ્યુચ્યુઅલ ફંડ સંબંધમાં સર્વ ફરિયાદો service@barodabnpparibasmf.in પર નિર્દેશિત કરી શકાશે અને/ અથવા વિઝિટ કરો www.scores.gov.in (સેબી સ્કોર્સ પોર્ટલ).

એસઆઈપી વિશે વધુ જાણકારી માટે વિઝિટ કરો https://www.barodabnpparibasmf.in/SIP

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન છે. સર્વ યોજના સંબંધી દસ્તાવેજો ધ્યાનથી વાંચો.**